# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-09-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં વિવિધ વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

2) પ્રધાનમંત્રી આજે સાંજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વર્લ્ડ ફૂડ ઇન્ડિયા 2025નું ઉદ્ઘાટન કરશે.

3) કેન્દ્રીય મંત્રી મંડળે આગામી ત્રણ વર્ષમાં પાંચ હજાર 23 MBBS બેઠકો અને પાંચ હજાર અનુસ્નાતક બેઠકો વધારવાનો નિર્ણય કર્યો.

4) કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન અને વાઘ અભયારણ્ય આવતીકાલથી ફરીથી ખોલવાની જાહેરાત.

5) ક્રિકેટમાં એશિયા કપ 2025ની ફાઇનલમાં ભારતનો પ્રવેશ.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MORN. PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનની મુલાકાત લેશે. તેઓ ગ્રેટર નોઈડામાં ઉત્તરપ્રદેશ આંતરરાષ્ટ્રીય વેપાર પ્રદર્શન 2025નું ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી મોદી આ પ્રસંગે સભાને પણ સંબોધિત કરશે.

આ પ્રસંગે રાજ્યના વિવિધ હસ્તકલા, આધુનિક ઉદ્યોગો, ગતિશીલ MSME અને ઉભરતા ઉદ્યોગસાહસિકોનું પ્રદર્શન કરવામાં આવશે. મુખ્ય ક્ષેત્રોમાં હસ્તકલા, કાપડ, ચામડું, કૃષિ, ખાદ્ય પ્રક્રિયા, IT, ઇલેક્ટ્રોનિક્સ અને આયુષનો સમાવેશ થાય છે. ઉત્તરપ્રદેશની સમૃદ્ધ કલા, સંસ્કૃતિ અને ભોજનનું પણ પ્રદર્શન કરવામાં આવશે. આ વેપાર પ્રદર્શન 29 સપ્ટેમ્બર સુધી ચાલશે.

ત્યારબાદ પ્રધાનમંત્રી રાજસ્થાનની મુલાકાત લેશે અને એક લાખ 22 હજાર 100 કરોડના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે. તેઓ બાંસવાડામાં એક જાહેર સભાને પણ સંબોધિત કરશે. શ્રી મોદી PM કુસુમ લાભાર્થીઓ સાથે પણ વાતચીત કરશે. પ્રધાનમંત્રી અનુશક્તિ વિદ્યુત નિગમ લિમિટેડના માહી બાંસવાડા રાજસ્થાન પરમાણુ ઉર્જા પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે, જેનો ખર્ચ આશરે 42 હજાર કરોડ થશે.

પ્રધાનમંત્રી રાજસ્થાનમાં આશરે 19 હજાર 210 કરોડના હરિત ઉર્જા યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. તેઓ ફલોદી, જેસલમેર, જાલોર અને સીકર સહિત અન્ય સ્થળોએ સૌર પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે.

# REV. MORN.PM - WORLD FOOD INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વર્લ્ડ ફૂડ ઇન્ડિયા 2025નું ઉદ્ઘાટન કરશે. ચાર દિવસીય આ કાર્યક્રમમાં ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્ર, ફૂડ ટકાઉપણું અને પૌષ્ટિક અને ઓર્ગેનિક ખાદ્ય ઉત્પાદનમાં ભારતની ક્ષમતાઓ દર્શાવવામાં આવશે.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ....

(બાઇટ – સૌમ્યા)

# MORN. GST REFORMS- TREATMENT PLANT

આગામી પેઢીના GST સુધારાઓ ભારતની પરોક્ષ કર પ્રણાલીને સરળ બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. લોકો હવે GST સુધારાઓનો લાભ લઈ શકે છે, જે આ મહિનાની 22મી તારીખથી અમલમાં આવ્યા છે.

નવા માળખા હેઠળ, GST કાઉન્સિલે અગાઉના 5, 12, 18 અને 28 ટકાના ચાર-સ્તરીય માળખાને 5 ટકા અને 18 ટકાના બે-સ્તરીય માળખામાં સરળ બનાવ્યું છે..

સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ ....

(V/C- SHIVANG)

# CABINET- MBBS SEAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે કેન્દ્ર દ્વારા પ્રાયોજિત યોજનાના ત્રીજા તબક્કાને મંજૂરી આપી. આ યોજના હેઠળ આગામી ત્રણ વર્ષમાં વર્તમાન સરકારી મેડિકલ કોલેજો અને સંસ્થાઓમાં પાંચ હજાર 23 MBBS બેઠકો અને પાંચ હજાર અનુસ્નાતક બેઠકો વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેનો ખર્ચ એક હજાર 534 કરોડ રૂપિયા થશે. આ પહેલથી સ્નાતક મેડિકલ ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે. વધારાની અનુસ્નાતક બેઠકોથી નિષ્ણાત ડોક્ટરોની ઉપલબ્ધતામાં વધારો થશે અને સરકારી મેડિકલ સંસ્થાઓમાં નવી વિશેષતાઓ શરૂ કરવામાં મદદ મળશે.

આ બંને યોજનાઓનો કુલ નાણાકીય ખર્ચ 2025-26 થી 2028-29 ના સમયગાળા માટે એક હજાર 534 કરોડથી વધુ છે. જેમાં કેન્દ્રનો હિસ્સો 10 હજાર 303 કરોડ અને રાજ્યનો હિસ્સો ચાર હજાર 731 કરોડ રૂપિયા છે.

આ પહેલ વિદ્યાર્થીઓને ભારતમાં તબીબી શિક્ષણ મેળવવા માટે વધુ તકો પૂરી પાડશે અને તબીબી શિક્ષણ અને તાલીમની ગુણવત્તાને વૈશ્વિક ધોરણો મુજબ વધારશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# MORN.KAZIRANGA OPENING

**આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન અને વાઘ અભયારણ્ય 26 સપ્ટેમ્બર આવતીકાલથી ફરીથી ખોલવાની જાહેરાત કરી. શરૂઆતમાં ઉદ્યાનની બાગોરી રેન્જ ખોલવામાં આવશે.**

**કોહોરા રેન્જ ઓક્ટોબરના બીજા અઠવાડિયામાં ખુલવાની અપેક્ષા છે, અને હાથી સફારી પહેલી નવેમ્બરથી શરૂ થશે.**

# IMD-WEATHER

**હવામાન વિભાગે છત્તીસગઢ અને વિદર્ભમાં આજે ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે.આજે આંદામાન અને નિકોબાર ટાપુઓ, આંધ્રપ્રદેશ,**

કેરળ, ગોવા, લક્ષદ્વીપ, મહારાષ્ટ્ર, મરાઠવાડા, ઓડિશા, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, તેલંગાણા અને પૂર્વોત્તરના કેટલાક ભાગોમાં પણ ભારે વરસાદની આગાહી છે.

આંદામાન અને નિકોબાર ટાપુઓ, છત્તીસગઢ, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને વિદર્ભમાં બે દિવસ સુધી વીજળીના કડાકા અને ભારે પવન સાથે વાવાઝોડાની આગાહી છે.

આ દરમિયાન, દિલ્હીમાં આજે આકાશ સ્વચ્છ રહેવાની ધારણા છે અને તાપમાન 24 ડિગ્રી સેલ્સિયસ થી 34 ડિગ્રી સેલ્સિયસ ની વચ્ચે રહેશે.

# MORN. ASIA CUP CRICKET

ભારતે દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે સુપર ફોર મેચમાં બાંગ્લાદેશને 41 રનથી હરાવીને એશિયા કપ 2025ના ફાઇનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું. પ્રથમ બેટિંગ કરતા ભારતે નિર્ધારિત 20 ઓવરમાં 6 વિકેટે 168 રન બનાવ્યા જેમાં અભિષેક શર્માએ 75 રન અને હાર્દિક પંડ્યાએ 38 રન બનાવ્યા. બાંગ્લાદેશ તરફથી સૈફ હસને 69 રન બનાવ્યા. વરુણ ચક્રવર્તી અને જસપ્રીત બુમરાહએ બે-બે વિકેટ લીધી. અભિષેક શર્માને તેની શાનદાર ઇનિંગ માટે પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

બાંગ્લાદેશ આજે રાત્રે 8 વાગ્યે દુબઈમાં શરૂ થનારી બીજી સુપર ફોર મેચમાં પાકિસ્તાનનો સામનો કરશે. વિજેતા ટીમ ફાઇનલમાં ભારતનો સામનો કરશે.

# MORN. ICC-US SUSPENSION

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ ICCએ અમેરિકાના ક્રિકેટ બોર્ડનું સભ્યપદ સસ્પેન્ડ  કરી દીધું છે. અમેરિકી ક્રિકેટે ICC સભ્ય તરીકેની તેની જવાબદારીઓના વારંવાર અને સતત ઉલ્લંઘન બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આમાં કાર્યાત્મક શાસન માળખું લાગુ કરવામાં નિષ્ફળતા અને અમેરિકા ઓલિમ્પિક અને પેરાલિમ્પિક સમિતિ સાથે રાષ્ટ્રીય સંચાલક મંડળનો દરજ્જો પ્રાપ્ત કરવા તરફ પ્રગતિનો અભાવ શામેલ છે.

એક નિવેદનમાં, ICC એ કહ્યું કે સસ્પેન્શન એક દુર્ભાગ્યપૂર્ણ પરંતુ રમતના લાંબા ગાળાના હિતોનું રક્ષણ કરવા માટે જરૂરી પગલું હતું.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- કેન્દ્રીય મંત્રીમંડળે રેલવે કર્મચારીઓ માટે જાહેર કરેલા બોનસના સમાચારને તમામ અખબારોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- સંદેશ લખે છે 10 લાખ રેલવે કર્મચારીઓને 78 દિવસનું બોનસ મળશે
- લદાખમાં પૂર્ણ રાજ્યની માગના સમાચારને પણ મોટા ભાગના અખબારોએ હેડલાઇન બનાવ્યા છે.
- યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સ્કીના નિવેદનને ટાંકીને સંદેશ લખે છે ભારત અમારો સાથીદાર, અમારી તરફેણમાં
- CBSE પરીક્ષા અંગે ગુજરાત સમાચાર લખે છે CBSE બોર્ડની પરીક્ષાઓ 17 ફેબ્રુઆરીથી પ્રથમવાર ધોરણ 10માં પરીક્ષા લેવાશે
- નવગુજરાત સમય છેલ્લા પાને લખે છે રાજયમાં નવા 17 તાલુકા આકાર લેશે હવે, કુલ તાલુકાની સંખ્યા 265 થશે